101) 'થાયોયુરીયા' એ કયા પ્રકારનો હોર્મોન છે ?

(A) ઓક્ઝીન (B) જીબ્રેલીન

(C) ઈથીલીન (D) સાયટોકાઈનીન

102) એક હેકટર વિસ્તારમાં શેરડીની રોપણી માટે કેટલા પ્રમાણમાં ત્રણ આંખવાળા કટકાની જરૂર રહે છે ?

(A) 1000 થી 1500 (B) 3000 થી 3500

(C) 6000 થી 7500 (D) 8000 થી 9500

103) કપાસના પાકમાં બળિયા ટપકાનો રોગ ક્યારે જોવા મળે છે ?

(A) જિંડવા બેસવાની અવસ્થાએ (B) પાકની પાછલી અવસ્થાએ

(C) ફૂલ બેસવાની અવસ્થાએ (D) પાકની તમામ અવસ્થાએ

104) બટાટા પાકમાં આવતો પાછોતરો સૂકારો (late blight) નો રોગ કઈ ફૂગના કારણે થાય છે ?

(A) પક્સિનીયા ગ્રામીનીસ (B) ફ્યુઝેરીયમ ઓકસીસ્પોરમ

(C) ઓલ્ટરનેરીયા સોલેની (D) ફાયટોપ્થોરા ઈન્ફેસ્ટાન્સ

105) નાના અને સીમાંત ખેડૂતોની સહાય માટે શરૂ કરવામાં આવનાર આઈ. આર.ડી.પી. (IRDP) પ્રોગ્રામનું પુરૂ નામ શું છે ?

(A) ઈન્ડિયન રૂરલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ

(B) ઈન્ટરનેશનલ રૂરલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ

(C) ઈન્સ્ટીટ્યુશનલ રૂરલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ

(D) ઈન્ટિગ્રેટેડ રૂરલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ

106) નીચેનામાંથી બીજના પ્રકારમાં ઉત્પાદનનો સાચો ક્રમ કયો છે ?

(A) કેન્દ્રસ્થબીજ → પાયાના બીજ → સંવર્ધનબીજ → પ્રમાણિત બીજ

(B) કેન્દ્રસ્થબીજ → સંવર્ધન બીજ → પાયાના બીજ → પ્રમાણિત બીજ

(C) કેન્દ્રસ્થબીજ → સંવર્ધન બીજ → સત્યતાવાળા બીજ → પ્રમાણિત બીજ

(D) કેન્દ્રસ્થબીજ → સત્યતાવાળા બીજ → સંવર્ધન બીજ → પ્રમાણિત બીજ

107) વનસ્પતિ સંવર્ધનના સિદ્ધાંત મુજબ ઢગલાદાબ પદ્ધતિમાં ભાંગી પડેલા ઝાડના થડને 20 થી 25 સેમી ઊંચેથી કાપીને નવા ફૂટેલા અંકુરને જમીનમાં ઢાંકવામાં આવે છે.

(A) કારણ કે કાપી ગયેલા ભાગ પર સીધો સૂર્યપ્રકાશ પિગમેન્ટેશન વધારે છે.

(B) કારણ કે નવા ફૂટેલા અંકુરોને માટીમાં ઢાંકવાથી અંધકારમાં ભેજ મળવાથી નવાં મૂળ ફૂટે છે.

(C) કારણ કે આમ કરવાથી છોડમાં વૈવિધ્યતામાં વધારો કરી શકાય છે.

(D) કારણ કે આ પદ્ધતિ માત્ર સુશોભિત છોડમાં સંવર્ધન માટે જ ઉપયોગમાં લઈ શકાય છે.

(108) વનસ્પતિમાં દેહધાર્મિક ક્રિયાઓમાં નિયંત્રણ માટે વપરાતા હોર્મોન્સ સંદર્ભે કયુ વિધાન તેની કાર્ય પદ્ધતિને સચોટ રી વર્ણવે છે ?

(A) હોર્મોન્સ છોડને સીધું પોષણ અને શક્તિ પૂરી પાડે છે.

(B) આ પ્રકારના હોર્મોન્સ પ્રયોગશાળામાં બનાવી શકાતા નથી.

(C) હોર્મોન્સ વનસ્પતિના વિકાસ દ્વારા વૃદ્ધિમાં ઘટાડો કરે છે.

(D) તે છોડના વિવિધ અંગોને કાર્યરત થવા માટે માત્ર પ્રેરણા પૂરી પાડે છે.

(109) નીચે જોડેલ જોડમાંથી અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

| ક્રમ | વિભાગ અ | ક્રમ | વિભાગ બ |
|---|---|---|---|
| 1. | થર્મોગ્રાફ | A. | તાપમાનમાં થયેલ ફેરફાર નોંધવા માટે |
| 2. | એનિમોમીટર | B. | પવનની દિશા માપવા માટે |
| 3. | બેરોમીટર | C. | હવાનું દબાણ માપવા માટે |
| 4. | હાઈગ્રોમીટર | D. | હવાનો ભેજ માપવા માટે |

(A) $1 \rightarrow A$ (B) $2 \rightarrow B$

(C) $3 \rightarrow C$ (D) $4 \rightarrow D$

(110) જો કોઈ ખેડૂત પાસે 2.00 એકર ખેડાણ જમીન છે, તો તે કયા પ્રકારના ખેડૂતની શ્રેણીમાં આવશે ?

(A) સીમાન્ત ખેડૂત (B) નાના ખેડૂત

(C) ખેત મજૂર (D) મોટા ખેડૂત

(111) જમીન પસંદગીમાં જમીનની નિતારશક્તિ એ કયા પ્રકારનું પરિબળ છે ?

(A) આર્થિક (B) ભૌતિક

(C) સામાજિક (D) જૈવિક

(112) નીચેના જોડકા માંટે સાચો ક્રમ શોધો.

| | વિભાગ – અ | | વિભાગ – બ |
|---|---|---|---|
| a. | ટામેટા | i | જૂનાગઢ ધોલર |
| b. | રીંગણ | ii | જૂનાગઢ રૂબી |
| c. | કોબી | iii | જૂનાગઢ લોંગ |
| d. | મરચા | iv | અર્લી કુવારી |

(A) a – i, b – ii, c – iii, d – iv

(B) a – i, b – iii, c – ii, d – iv

(C) a – ii, b – i, c – iv, d – iii

(D) a – ii, b – iii, c – iv, d – i

13) બાજરી પાકને સામાન્ય રીતે પાયાના ખાતર તરીકે હેકટરદીઠ કેટલા પ્રમાણમાં રાસાયણિક ખાતરની જરૂરિયાત પડે છે?

(A) 20 કિગ્રા નાઈટ્રોજન અને 40 કિગ્રા ફોસ્ફરસ

(B) 80 કિગ્રા નાઈટ્રોજન અને 40 કિગ્રા ફોસ્ફરસ

(C) 100 કિગ્રા નાઈટ્રોજન અને 20 કિગ્રા ફોસ્ફરસ

(D) 40 કિગ્રા નાઈટ્રોજન અને 40 કિગ્રા ફોસ્ફરસ

14) નીચેનામાંથી ખોટું વિધાન શોધો.

a. ભારત દિવેલાના ઉત્પાદન અને નિકાસમાં પ્રથમ સ્થાને છે.

b. દિવેલીના તેલનો ઉપયોગ એન્જિનોના ઊંજાણમાં અને રંગ રસાયણ બનાવવામાં થાય છે.

c. દિવેલાનો ખોળ ઢોરને ખાવા માટે પોષણક્ષમ છે.

d. દિવેલાની જી. એ. યુ. સી. 1 જાત લીલા રંગનું થડ ધરાવે છે.

(A) a
(B) b
(C) c
(D) d

15) નીચેનામાંથી સાચુ વિધાન શોધો.

1. ગોલ્ડન એકર એ કોબીજની વહેલી પાકતી જાત છે.

2. અર્લીડ્રમહેડ એ કોબીજની વહેલી પાકતી જાત છે.

3. અર્લીકુંવારી એ ફ્લાવરની વહેલી પાકતી જાત છે.

4. પ્રાઈડ ઓફ ઈન્ડિયા એ ફ્લાવરની વહેલી પાકતી જાત છે.

(A) 1, 2, 3
(B) 2 અને 3
(C) 2 અને 4
(D) 1 અને 3

16) ફ્રેંચ ગલગોટાનું વૈજ્ઞાનિક નામ શું છે ?

(A) ટેગેટીસ લ્યુસીડા
(B) ટેગેટીસ માઈન્યુટા
(C) ટેગેટીસ ઈરકેટા
(D) ટેગેટીસ પેચ્યુલા

17) કોલમ A માં આપેલ છોડમાં કોલમ B માં આપેલ બીજેત્તર સંવર્ધન કરતી રચના સાથે જોડતા સાચા વિકલ્પ કયા છે ?

| | કોલમ A | | કોલમ B |
|---|---|---|---|
| 1. | આંબો | a | મૂળ |
| 2. | પાનકૂટી | b | ભેટ કલમ |
| 3. | શક્કરીયા | c | દાબકલમ |
| 4. | દાડમ | d | પર્ણ કલિકા |

(A) 1 – b, 2 – d, 3 – a, 4 – c
(B) 1 – b, 2 – a, 3 – d, 4 – c
(C) 1 – c, 2 – d, 3 – a, 4 – b
(D) 1 – c, 2 – a, 3 – d, 4 – b

(118) આંખ કલમ ચડાવવા માટેનો ઉત્તમ સમય કયો છે ?

(A) જાન્યુઆરી – ફેબ્રુઆરી (B) માર્ચ – એપ્રિલ

(C) જુલાઈ - ઓક્ટોબર (D) (A) અને (C) બંને

(119) છટણીના પ્રકારના આધારે પાક માટે વિભાગ A અને વિભાગ B ની જોડણી નક્કી કરો.

| | વિભાગ A | | વિભાગ B |
|---|---|---|---|
| 1 | હલકી છટણી | a | દ્રાક્ષ |
| 2 | મધ્યમ છટણી | b | બોર |
| 3 | ભારે છટણી | c | કરમદા |

(A) 1 – c, 2 – a, 3 – b (B) 1 – a, 2 – b, 3 – c

(C) 1 – c, 2 – b, 3 – a (D) 1 – a, 2 – c, 3 – b

(120) છાબકલમ અને કટકા કલમમાં અસ્થાનિક મૂળ ઉગાડવા માટે કયો અંતઃસ્રાવ વપરાય છે ?

(A) ઈન્ડોલ બ્યુટરિક એસિડ (B) જીબ્રેલીન

(C) સાયટોકાઈનીન (D) કલ્ટાર

(121) દિવેલા પાકમાં નુકસાન કરતી ઘોડિયા ઈયળનો ઉપદ્રવ સૌથી વધુ ક્યારે જોવા મળે છે ?

(A) જૂન – જુલાઈ માસમાં (B) ફેબ્રુઆરી – માર્ચ માસમાં

(C) પાકના જીવનકાળના દરેક તબક્કે (D) ઓગસ્ટ – સપ્ટેમ્બર માસમાં

(122) સબમર્સિબલ પંપની ગોઠવણીમાં જાવક નળીના છેડે કયો વાલ્વ લગાડવામાં આવે છે ?

(A) ફૂટ વાલ્વ (B) નિર્ગમ વાલ્વ

(C) એર વાલ્વ (D) ડ્રેન પ્લગ વાલ્વ

(123) નીચેના પૈકી કયા પ્રકારના ટ્રેક્ટરનાં હોર્સ પાવર ઓછા હોય છે ?

(A) ગાર્ડન ટ્રેક્ટર (B) સામાન્યલક્ષી ટ્રેક્ટર

(C) વિવિધલક્ષી ટ્રેક્ટર (D) ક્રાઉલર અને ટ્રેક ટાઈપ ટ્રેક્ટર

(124) નારીયેળ પાણીમાં કયા પ્રકારનો હોર્મોન કુદરતી રીતે પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે ?

(A) સાયટોકાઈનીન (B) ઓક્ઝિન

(C) ઈથેલીન (D) જીબ્રેલીન

(125) ''સામાન્ય સભા' (General meeting)ના સંચાલન દરમિયાન 'જૂથમાનસ' (Group psychology) નો લાભ લે એટલે શું ?

(A) સભામાં હાજર તમામ લોકોને એક સાથે બોલવા દેવા.

(B) સભામાં બહુમતી લોકો જે દિશામાં વિચારતા હોય, તે ઉત્સાહનો ઉપયોગ કરી નવી પદ્ધતિ સ્વીકારવા પ્રેરવા

(C) ગામના માત્ર વિરોધપત્રના નેતાઓને જ બોલવાની તક આપવી.

(D) સભામા અંતે જૂથમાં બેસીને માત્ર ભોજન કરવું.

(126) જો કોઈ ખેડૂત માત્ર કપાસ અથવા શેરડી જેવા એક જ પાકનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરે તો તેની ખેતી પદ્ધતિ વિશે શું તારણ કાઢી શકાય ?

(A) તે મિશ્ર ખેતી કરે છે.
(B) તે વિશિષ્ટ ખેતી કરે છે.
(C) તે વિવિધ ખેતી કરે છે.
(D) તે સઘન ખેતી કરે છે.

(127) બાજરી પાકને સામાન્ય રીતે પાયાના ખાતર તરીકે હેકટરદીઠ અંદાજિત કેટલા પ્રમાણમાં રાસાયણિક ખાતરની જરૂરિયાત પડે છે ?

(A) 20 કિગ્રા નાઈટ્રોજન અને 20 કિગ્રા ફોસ્ફરસ
(B) 40 કિગ્રા નાઈટ્રોજન અને 40 કિલો ફોસ્ફરસ
(C) 80 કિલો નાઈટ્રોજન અને 40 કિલો ફોસ્ફરસ
(D) 100 કિગ્રા નાઈટ્રોજન અને 40 કિગ્રા ફોસ્ફરસ

(128) કપાસના પાકમાં બળિયા ટપકાનો રોગ ક્યારે જોવા મળે છે ?

(A) પાકની પાછળી અવસ્થાએ
(B) જિંડવા બેસવાની અવસ્થાએ
(C) ફૂલ બેસવાની અવસ્થાએ
(D) પાકની તમામ અવસ્થાએ

(129) નીચે દર્શાવેલ ચાર ખેતી પાકોને 'સર્ટીફાઈડ' બીજ ઉત્પાદન પ્લોટમાં બીજની શુદ્ધતા જાળવવા રાખવામાં આવતા આઈસોલેશન (એકલન) અંતરના આધારે ચડતા (ઓછુથી વધુ અંતર) ક્રમમાં ગોઠવો.

(૧) તુવેર (૨) દિવેલા (૩) મગફળી (૪) મકાઈ

(A) મગફળી < તુવેર < મકાઈ < દિવેલા
(B) મકાઈ < મગફળી < દિવેલા < તુવેર
(C) તુવેર < દિવેલા < મગફળી < મકાઈ
(D) દિવેલા < મકાઈ < તુવેર < મગફળી

(130) 'ઇન્ટીગ્રેટેડ રૂરલ ડેવેલોપમેન્ટ પ્રોગ્રામ' અંતર્ગત કઈ જ્ઞાતિના લાભાર્થીને 50% ના ધોરણે મહત્તમ રૂપિયા 6000/- ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે?

(A) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ
(B) સામાન્ય જ્ઞાતિ
(C) અન્ય પછાત વર્ગ
(D) લઘુમતિ વર્ગ

(131) જમીનમાં કાર્બન અને નાઈટ્રોજનનો કતો ગુણાંક (C:N Ratio) આદર્શ ગણાય છે ?

(A) 1 : 10
(B) 10 : 1
(C) 100 : 1
(D) 1 : 100

(132) નાના અને સીમાંત ખેડૂતો માટેની સહાયક યોજનાઓ માટે યોગ્ય વિકલ્પો પસંદ કરો.

| ક્રમ | વિભાગ – અ (યોજના) | ક્રમ | વિભાગ – બ (વર્ષ) |
|---|---|---|---|
| 1. | સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ | M. | 1996 |
| 2. | ગંગા કલ્યાણ યોજના | N. | 1997 |
| 3. | ગ્રામ્ય ગરીબો માટેની રોજગાર યોજના | O. | 1980 |
| 4. | જીવનધારા યોજના | P. | 1993-94 |

(A) 1 - M, 2 - N, 3 - O, 4 - P
(B) 1 - O, 2 - N, 3 - P, 4 - M
(C) 1 - P, 2 - M, 3 - N, 4 - O
(D) 1 - N, 2 - M, 3 - O, 4 - P

(133) 'બળદથી ચાલતા બટાટાના વાવણીયો' માટે નીચેનામાંથી કયુ વિધાન સાચુ નથી ?

(A) તેની યાંત્રિક રચના ઓરણી જેવી હોય છે.

(B) તેનાથી વાવણીખર્ચમાં 80% વાવણી ખર્ચ બચે છે.

(C) તેને ચલાવવા એક જોડી બળદ, એક ચાલક અને એક કુશળ કારીગરની જરૂર પડે છે.

(D) તેનાથી એક દિવસમાં 3 થી 4 હેકટર વિસ્તારમાં વાવણી થાય છે.

(134) ડાંગર પાકમાં આવતો 'ગલત આંજિયો' રોગ પાકની કઈ અવસ્થાએ જોવા મળે છે ?

(A) ધરૂવાડીયાની અવસ્થાએ

(B) કંટીમાં દાણા પાકવાની અવસ્થાએ

(C) કંટીમાં દાણા બેસવાની અવસ્થાએ

(D) ફૂટ અવસ્થાએ

(135) આશાસ્પદ શેરડીની જાતોનું ઉત્પાદન હેકટર દીઠ કેટલું આવે છે ?

(A) 20 થી 25 ટન

(B) 75 થી 100 ટન

(C) 3 થી 5 ટન

(D) 40 થી 55 ટન

(136) એક હેકટર વિસ્તારમાં રીંગણી રોપવા ધરૂવાડીયામાં તમે કેટલા બીજનો ઉપયોગ કરશો ?

(A) 0.25 થી 0.50 કિગ્રા

(B) 4.00 થી 5.00 કિગ્રા

(C) 0.75 થી 1.00 કિગ્રા

(D) 2.50 થી 3.00 કિગ્રા

(137) નીચે દર્શાવેલ ફળ પાકો પૈકી કયા પાકના બીજમાં એક જ બીજદળ હોય છે ?

(A) કેળ

(B) ચીકુ

(C) આંબો

(D) જામફળ

(138) દ્રાક્ષમાં અગાઉના વર્ષની ડાળીઓમાં કયા પ્રકારની છટણી કરવામાં આવે છે ?

(A) હળવી છટણી

(B) ભારે છટણી

(C) મધ્યમ છટણી

(D) છટણી કરવામાં આવતી નથી

(139) બહુવર્ષિય નિંદણનો નાશ કરવા કયા નિંદામણ નાશકનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) પેન્ડીમીથાલીન

(B) બુટાક્લોર

(C) ગ્લાયફોસેટ

(D) 2, 4 - ડી

(140) ફ્રેંચ ગલગોટાની રોપણી કેટલા અંતરે કરવાની ભલામણ છે ?

(A) 120 × 60 સે.મી.

(B) 90 × 60 સે.મી.

(C) 60 × 60 સે.મી.

(D) 30 × 30 સે.મી.

(141) ગુલકંદ અને અત્તર બનાવવા ગુલાબની કઈ જાત પ્રચલિત છે ?

(A) પોલીએન્થા

(B) ફ્લોરીબંડા

(C) એડવર્ડ

(D) હાઈબ્રીડ 'ટી'

(142) ફૂલગોબી એટલે કે ફ્લાવરની નીચેનામાંથી કઈ જાત મોડી પાકે છે ?

(A) પુસા કાર્તિકી

(B) પુસા સ્નોબોલ

(C) પુસા સિન્થેટીક

(D) પુસા સુભ્રા

(143) સંશોધન વૈજ્ઞાનિકે ઉત્પન્ન કરેલ બીજ (બ્રીડર સીડ) અને પ્રમાણિત બીજ (સર્ટીફાઈડ સીડ) વચ્ચે શુદ્ધતાની દૃષ્ટિએ મુખ્ય તફાવત શું છે ?

(A) બંને બીજની આનુવંશિક શુદ્ધતા 100% હોય છે.

(B) બંને બીજની આનુવંશિક શુદ્ધતા 99% હોય છે.

(C) બ્રીડર બીજની આનુવંશિક શુદ્ધતા 100% અને સર્ટીફાઈડ બીજની શુદ્ધતા 99% હોય છે.

(D) બ્રીડર બીજની આનુવંશિક શુદ્ધતા 99% અને સર્ટીફાઈડ બીજની આનુવંશિક શુદ્ધતા 100% હોય છે.

(144) એક ટન છાણિયા ખાતરમાંથી મળતા આવશ્યક તત્વોના સંદર્ભમાં નીચેનામાંથી કયુ વિધાન સાચુ છે ?

(A) નાઈટ્રોજન કરતા પોટાશ તત્વનું પ્રમાણ વધારે હોય છે.

(B) પોટાશ કરતા નાઈટ્રોજન તત્વનું પ્રમાણ વધારે હોય છે.

(C) ફોસ્ફરસ કરતા પોટાશ તત્વનું પ્રમાણ વધારે હોય છે.

(D) નાઈટ્રોજન કરતા ફોસ્ફરસ તત્વનું પ્રમાણ વધારે હોય છે.

(145) ખેતીમાં ઉપયોગમાં લેવાતા રાસાયણિક ખાતરો પૈકી નાઈટ્રોજન ખાતરોને તેમાં રહેલા ''નાઈટ્રોજન તત્વના પ્રમાણના આધારે'' તેઓને ઉતરતા ક્રમમાં ગોઠવતા (વધુ પ્રમાણથી ઓછુ પ્રમાણ) કયો ક્રમ આપેલ વિકલ્પોમાંથી સાચો ઠરે છે ?

(A) એમોનિયમ સલ્ફેટ > યુરિયા > પ્રવાહી એમોનિયમ > એમોનિયમ નાઈટ્રેટ

(B) યુરિયા > પ્રવાહી એમોનિયમ > એમોનિયમ નાઈટ્રેટ > એમોનિયમ સલ્ફેટ

(C) પ્રવાહી એમોનિયમ > યુરિયા > એમોનિયમ નાઈટ્રેટ > અમોનિયમ સલ્ફેટ

(D) યુરિયા > એમોનિયમ નાઈટ્રેટ > પ્રવાહી એમોનિયમ > અમોનિયમ સલ્ફેટ

(146) હાથી ઓરણીમાં ''તાણિયો (દોરી)'' બાંધવાનો મુખ્ય હેતુ શું છે ?

(A) બળદને રોકવા માટે

(B) સાધનને વજનદાર બનાવવા માટે

(C) ભૂંગળીને સ્થિર ઊભી રાખવા માટે

(D) ઉંડી વાવણીનો હેતુ પૂર્ણ કરવા માટે

(147) બદલાતા હવામાનની પરિસ્થિતિઓમાં તલની કઈ જાત 'અર્ધ શિયાળુ વાવેતર' માટે ભલામણ કરવામાં આવેલ છે?

(A) તલ ગુજરાત – 1

(B) પૂર્વા – 1

(C) તલ ગુજરાત – 2

(D) મોડર્ન

(148) તીતીઘોડા અને તુવેરની ચૂસિયાં જેવા કીટકોમાં કયા પ્રકારનું કાયાન્તરણ જોવા મળે છે ?

(A) અપૂર્ણ કાયાન્તરણ

(B) સંપૂર્ણ કાયાન્તરણ

(C) એકરૂપી કાયાન્તરણ

(D) બહુરૂપી કાયાન્તરણ

(157) 1 ક્યુસેક એટલે કેટલા લિટર/સેકન્ડ પાણીનો પ્રવાહ થાય ?

(A) 1000 લિટર/સેકન્ડ
(B) 100 લિટર/સેકન્ડ
(C) 10,000 લિટર/સેકન્ડ
(D) 10 લિટર/સેકન્ડ

(158) જો પપૈયાના પાકમાંથી પેપીન કાઢવાનું હોય તો તેના કાચા ફળો કેટલા માસના થાય ત્યારે છાલમાં ઊભા કાપા મૂકી લેટેક્ષ કાઢવામાં આવે છે ?

(A) 1 થી 1.5 માસ
(B) 3 થી 5 માસ
(C) 2 થી 2.5 માસ
(D) 6 થી 7.5 માસ

(159) ઢાળાવાળા ખેતરમાં જો 'લેવલ' સાધનની મદદથી સમાન ઊંચાઈના બિંદુઓને જોડીને પાળા બનાવવામાં આવે, તો તેને શું કહેવાય?

(A) સાદા પાળા
(B) આડબંધ
(C) પટ્ટીપાક પાળા
(D) સમોચ્ચ રેખાવાળા પાળા

(160) મીંઢીઆવળ (સોનમુખી)માં કયુ મુખ્ય રાસાયણિક તત્વ તેના 'રેચક' ગુણ માટે જવાબદાર છે અને તે કયા ભાગમાં વધુ જોવા મળે છે ?

(A) આલ્કેલોઇડ, મૂળમાં
(B) એલોઇન, જેલમાં
(C) વિથેનોલોઇડ, મૂળમાં
(D) સેનોસાઇડ, પાન અને શીંગોમાં

(161) જો કોઇ બીજમાં કિરણોત્સર્ગ (Alpha/Beta Rays) દ્વારા અચાનક આનુવંશિક ફેરફાર લાવવામાં આવે, તો તે પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

(A) સંકરણ (Hybridization)
(B) પસંદગી (Selection)
(C) ગ્રેડિંગ (Grading)
(D) મ્યુટેશન (Mutation)

(162) સામાન્ય રીતે 'ડોક' પદ્ધતિનો ઉપયોગ શા માટે કરવામાં આવે છે ?

(A) જીવાત મારવા માટે
(B) માદા ફૂલની કળીમાંથી પુંકેસર કાઢી નાખવા માટે
(C) રૂની વીણી કરવા માટે
(D) ખાતર આપવા માટે

(163) વર્મીકમ્પોસ્ટ (અળસીયાનું ખાતર) બનાવવા માટે કયો મહિનો ઉત્તમ ગણાય છે ?

(A) ડિસેમ્બર (B) જાન્યુઆરી (C) મે (D) ઓગસ્ટ

(164) નીચે આપેલ વિભાગ 'એ' અને વિભાગ 'બી' માંથી સાચા વિકલ્પો લખો.

| ક્રમ | વિભાગ 'અ' | ક્રમ | વિભાગ 'બ' |
|---|---|---|---|
| 1. | પોટાશ | W | લોહ તત્વનો ઉપાડ વધારવા |
| 2. | ગંધક | X | રોગ-પ્રતિકારક શક્તિ વધારવા |
| 3. | મોલીબ્ડેનમ | Y | કઠોળ પાકોમાં હવામાનના નાઇટ્રોજનના સ્થિરીકરણ માટે |
| 4. | તાંબુ | Z | તેલીબિયા પાકમાં તેલના ટકા વધારવા માટે |

(A) 1 – X, 2 – Z, 3 – W, 4 – Y
(B) 1 – Z, 2 – Y, 3 – W, 4 – X
(C) 1 – W, 2 – Y, 3 – X, 4 – Z
(D) 1 – X, 2 – Z, 3 – Y, 4 – W

(174) સૂકી ખેતી સંશોધન કેન્દ્ર માટે નીચેનામાંથી સાચા જોડકાં શોધો.

| | વિભાગ A | | વિભાગ B |
|---|---|---|---|
| a. | તરઘડીયા | i | જી. સુરેન્દ્રનગર |
| b. | વલ્લભીપુર | ii | જી. જામનગર |
| c. | નાના કાંધાસર | iii | જી. રાજકોટ |
| d. | જામ ખંભાળીયા | iv | જી. ભાવનગર |

(A) a - iii, b - i, c - iv, d - ii
(B) a - ii, b - iv, c - i, d - iii
(C) a - ii, b - iii, c - i, d - iv
(D) a - iii, b - iv, c - i, d – ii

(175) નીચે વિભાગ – અ માં આપેલા આવશ્યક તત્વોને વિભાગ – બ માં આપેલા તેઓના કાર્યો સાથે જોડી સાચો ક્રમ નક્કી કરો.

| | વિભાગ – અ | | વિભાગ – બ |
|---|---|---|---|
| 1. | ક્લોરીન | i | તેલીબીયા પાકોમાં તેલનું પ્રમાણ વધારે છે. |
| 2. | મેગ્નેશીયમ | ii | શર્કરાની હેરફેરમાં અગત્યની ભૂમિકા ભજવે છે. |
| 3. | ગંધક | iii | હરીત કણોની કાર્યક્ષમતા વધારે છે. |
| 4. | જસત | iv | વનસ્પતિના જીવનરસ માટે ઉપયોગી છે. |

(A) 1 - ii, 2 - iii, 3 - i, 4 - iv
(B) 1 - i, 2 - ii, 3 - iii, 4 - iv
(C) 1 - i, 2 - iii, 3 - iv, 4 - ii
(D) 1 - ii, 2 - iv, 3 - i, 4 – iii

(176) લીંબુની વિવિધ સુધારેલી જાતો પૈકી કઈ જાતના પાન પ્રમાણમાં મોટા હોય છે ?

(A) કાગદી
(B) ઇટાલીયન
(C) ચિનાઇ
(D) શરબતી

(177) જેલી બનાવવા ફળોમાં કયા તત્વનું હોવું જરૂરી છે ?

(A) પેક્ટિન
(B) પ્રોટીન
(C) કેલ્શિયમ
(D) ચરબી

(178) નર્મદા યોજના (સરદાર સરોવર) હેઠળ ગુજરાતના કેટલા ગામડાઓને સિંચાઈનો લાભ મળવાપાત્ર છે ?

(A) 3340
(B) 2144
(C) 1450
(D) 4720

(179) જો એક અભ્યાસ મુજબ, ખેતરમાં ઢાળના ટકા 1.5 થી 2.ઓ% હોય અને બે પાળા વચ્ચે ઊંચાઈ ફેર 1.35 મીટર હોય તો તે પરિસ્થિતિમાં બે પાળા વચ્ચેનું અંતર મીટર રાખવું જોઈએ.

(A) 75 મીટર
(B) 100 મીટર
(C) 50 મીટર
(D) 36 મીટર

(180) નીચેનામાંથી કયા ઔષધીય પાકની નોંધ IUCN રેડ ડેટા બુકમાં 'લુપ્ત થતી વનસ્પતિ' તરીકે થાય છે.

(A) Commiphora Wightii
(B) Withania Somnifera
(C) Andrographis Paniculata
(D) Cassia Angustifolia

(181) કૃષિ શિક્ષણની સૌથી અસરકારક પદ્ધતિ કઈ માનવામાં આવે છે ?

(A) વ્યાખ્યાન પદ્ધતિ
(B) પ્રશ્નોત્તરી પદ્ધતિ
(C) નિદર્શન પદ્ધતિ
(D) સ્વઅધ્યયન પદ્ધતિ

(182) 'ખેતર એ જ શાળા' નો સિદ્ધાંત કઈ શિક્ષણ પદ્ધતિ સાથે સુસંગત છે ?

(A) ચર્ચા પદ્ધતિ
(B) પ્રાયોગિક પદ્ધતિ
(C) વાર્તા પદ્ધતિ
(D) આમાંથી એક પણ નહિ

(183) કૃષિ શિક્ષણમાં 'પાઠ આયોજન' પ્રસ્તાવનાનો મુખ્ય હેતુ શું છે ?

(A) વિદ્યાર્થી મૂલ્યાંકન કરવું
(B) હોમવર્ક આપવું
(C) શિસ્ત જાળવવી
(D) અગાઉના જ્ઞાનને નવા જ્ઞાન સાથે જોડવું

(184) નીચેનામાંથી શું પ્રોજેક્ટ પદ્ધતિનું ઉદાહરણ છે ?

(A) વિદ્યાર્થીઓને ફિલ્મ બતાવવી
(B) વિદ્યાર્થીઓને વાર્તા કહેવી
(C) વિદ્યાર્થીઓ સાથે શાળામાં શાકભાજી વાવવી
(D) વિદ્યાર્થીઓને દસ છોડના ચિત્ર દોરવા આપવા

(185) કૃષિ શિક્ષકે ભણાવતી વખતે કઈ બાબત પર ભાર મૂકવો જોઈએ ?

(A) માત્ર સિદ્ધાંત
(B) માત્ર ગોખણપટી
(C) અનુભવજન્ય શિક્ષણ
(D) મૂલ્યાંકન

(186) નીચેનામાંથી કયો હેતુ ઉચ્ચ જ્ઞાનાત્મક કૌશલ્ય દર્શાવે છે ?

(A) જમીનના પ્રકાર યાદ રાખવા
(B) જમીન નિર્માણની પ્રક્રિયા સમજવી
(C) જમીન સંવર્ધનની સમજ કેળવવી
(D) ચોક્કસ પાક માટે અનુકૂળ જમીનની ચકાસણી કરવી

(187) કોઈ એક વર્ગના વિદ્યાર્થીને શાળામાં બનાવેલ કિચન ગાર્ડનમાં કામ કરવા જતા, અળસિયા હાજરીથી ડર લાગે છે તો શિક્ષકે ...

(A) અળસિયાને પકડીને દૂર ફેંકવા જોઈએ
(B) વિદ્યાર્થીના હાથમાં અળસિયું મુકવું જોઈએ
(C) વિદ્યાર્થીને અળસિયા સામે બેસીને તેનું વ્હિત્ર દોરાવવું જોઈએ
(D) અળસિયાના ફાયદા અને તેની બિનહાનિકારકતા અન્વયે ત્રણ ખેડૂતોના ઇન્ટરવ્યુ લેવાનું હોમવર્ક વિદ્યાર્થીને આપવું જોઈએ.

(188) વિદ્યાર્થીઓ સજીવ ખેતીનું મહત્વ સમજે તે માટે.

(A) શિક્ષકે તેના પર લાંબુ વ્યાખ્યાન આપવું જોઈએ

(B) વિદ્યાર્થીઓ પાસે સજીવ ખેતીવાળા ખેતીનું મોડલ તૈયાર કરાવવું જોઈએ.

(C) વિદ્યાર્થી પાસે વાસ્તવિક કેસ-સ્ટડી કરાવવો જોઈએ

(D) વિદ્યાર્થીઓને ઓર્ગેનિક વસ્તુઓ ખરીદવા મોકલવા જોઈએ

(189) માઈક્રોટીચિંગમાં કેટલા તબક્કાઓને આધારે શિક્ષણકાર્ય કરવામાં આવે છે ?

(A) 5
(B) 7
(C) 8
(D) 10

(190) જૂથ અધ્યયન પદ્ધતિમાં કોનો લાભ મળે છે ?

(A) એક શિક્ષકનો
(B) કેળવણીકારનો
(C) આચાર્યનો
(D) વિવિધ (વધુ) શિક્ષકોનો

(191) એકમ પાઠ આયોજન માટેની પંચપદી પદ્ધતિ વિકસાવનાર કોણ હતા?

(A) પાર્કર
(B) બ્લૂમ
(C) હર્બટ
(D) એડગર ડેલ

(192) જે કંઈ ભણવાનું અને શીખવાનું છે તેની વ્યવસ્થિત ગોઠવણી એટલે ...

(A) પરીક્ષાલક્ષી આયોજન
(B) અભ્યાસક્રમ
(C) માત્ર આયોજન
(D) ગૃહકાર્ય

(193) કસોટીમાં ખાલી જગ્યાવાળા પ્રશ્નો ક્યો હેતુ સ્પષ્ટ કરે છે ?

(A) સમજ
(B) જ્ઞાન
(C) ઉપયોગ
(D) કૌશલ્ય

(194) માઈક્રોટીચીંગનાં સોપાનોનો યોગ્ય ક્રમ કયો છે ?

(A) શિક્ષણ-પ્રતિપોષણ-પુનઃ આયોજન-પુનઃશિક્ષણ-પુનઃપ્રતિપોષણ

(B) શિક્ષણ-પ્રતિપોષણ-પુનઃશિક્ષણ-પુનઃપ્રતિપોષણ-પુનઃઆયોજન

(C) પુનઃપ્રતિપોષણ-પુનઃશિક્ષણ-પુનઃઆયોજન-પ્રતિપોષણ-શિક્ષણ

(D) પુનઃ આયોજન-પુનઃશિક્ષણ-પુનઃપ્રતિપોષણ-શિક્ષણ-પ્રતિપોષણ

(195) સારા પ્રશ્નપ્રત્રની રચના કરવાનું પ્રથમ સોપાન કયુ છે ?

(A) વિષયવસ્તુના પેટા મુદ્દા

(B) હેતુઓ પ્રમાણે ગુણભારની ફાળવણી

(C) નિબંધ પ્રકારના પ્રશ્નો

(D) કઠિન પ્રશ્નોની રચના

(196) નીચેનામાંથી કઈ પ્રવિધિ દ્વારા બાળકમાં કલ્પનાશક્તિ વિકસે છે, ગમ્મત સાથે જ્ઞાન મળે છે અને ચારિત્ર્ય ઘડતરલક્ષી મૂલ્યો વિકસે છે?

(A) નાટ્યીકરણ
(B) વાર્તાકથન
(C) કથન-ચર્ચા
(D) નિદર્શન

(197) વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરી ટકાવી રાખવા માટે શિક્ષકની વર્તન-તરેહમાં સમજપૂર્વક ફેરફાર કરવાનું કૌશલ્ય એટલે ........કૌશલ્ય.

(A) વિષયાભિમુખ કૌશલ્ય
(B) ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય
(C) ઉદાહરણ કૌશલ્ય
(D) પ્રશ્ન ઉંડાણ કૌશલ્ય

(198) વર્ગખંડમાં કઈ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓની શરમાળ વૃત્તિ દૂર થાય છે અને સમયની પણ બચત થાય છે?

(A) ચર્ચા પદ્ધતિ
(B) આધાર પદ્ધતિ
(C) વ્યાખ્યાન પદ્ધતિ
(D) કથન-ચર્ચા પદ્ધતિ

(199) 'જે દિવસે શિક્ષક શાળામાં બાળકોને હસતાં-હસતા આવકરી શકે તેમ ન હોય તો તે દિવસે શિક્ષકે શાળામાં રજા મુકવી.' આ વિધાન કોના દ્વારા પ્રયોજાયું છે?

(A) ગુણવંત શાહ
(B) ચાણક્ય
(C) ગાંધીજી
(D) સ્વામી વિવેકાનંદ

(200) અધ્યાપનના સફળતાપૂર્વક સંચાલન માટે સંપૂર્ણપણે વિચારેલી પૂર્વ તૈયારીને શું કહેવાય છે ?

(A) એકમ આયોજન
(B) છુટો પાઠ
(C) પાઠ આયોજન
(D) નોંધ આયોજન

◆◆◆